# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૯ • તા.૧૧ થી ૧૭ જુન ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# હિતેશ મોતાની પહેલથી જિનશાસનના વિભિન્ન પ્રશ્નો રાજ્યપાલના માધ્યમથી કેન્દ્ર સરકાર સુધી પહોંચાડયા




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી

દુઃખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતા પણું હશે તો આ કપરી પળો સહવાલાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હૃદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુઃખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મય બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુઃખએ બીજાઓને લીધે આવ્યું પોતે વગર વાંતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુઃખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુઃખમાં આત્મશક્તિ હોય તો દુઃખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુઃખી દુઃખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોબિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુઃખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

– જય જ્ઞાતિમૈયા

# નીતિ શાસ્ત્રનું જ્ઞાન અગાધ છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

નીતિ રીતિ એ જોડિયા શબ્દ છે. નીતિ શબ્દ બહુ વિશાળ છે. નીતિનો શબ્દકોશ પ્રમાણે તેનો અર્થ જોઈએ તો ધર્મ પ્રમાણેનું આચરણ, સદાચાર, આચરણના ધાર્મિક નિયમો સર ચાલ ચલગત, નીતિ એટલે પધ્ધતિ. નીતિ સાથે જોડાયેલા શબ્દો, રીતિ એટલે પધ્ધતિ, રિવાજ, પ્રકાર તરેહ કે રૂઢિ, રિવાજ કે ધારોને ચલણ વ્યવહાર આ બન્ને મળીને અર્થ થાય નીતિ ભર્યો વ્યવહાર પ્રામાણિકતા સાથેની પધ્ધતિ તે સિવાય નીતિ સાથે જોડાયેલા શબ્દો છે. રાજનીતિ, ધર્મનીતિ, સમાજનીતિ, નીતિ દોષ, નીતિ સત્વને નીતિ સિધ્ધાંત વિગેરે.

હિંદુ ધર્મ સંસ્કૃતિમાં અનેક નીતિ ગ્રંથો છે. તે સારું આચરણ સારો જીવન વ્યવહાર, આદર્શ પ્રણાલિ ગત ચાલ ચલણનો સરળ પથ દર્શન કરાવે છે. સંસ્કૃત ભાષામાં અલભ્ય નીતિ ગ્રંથો છે. સંસ્કાર ગ્રંથો છે. વેદ ગ્રંથો, ચાણક્ય નીતિના અનુભવ વાક્યો, સમયે સમયે અસરકાર બની રહે છે. તેવી જ રીતે ભર્તૃહરિના શતકો તો ભારતીય સંસ્કૃતિનું અમૂલ્ય ઘરેણું છે.

પોતાના સ્વજનો પ્રત્યે દાક્ષિણ્ય રાખવું. અન્ય પ્રત્યે દયાભાવ રાખવું, દુર્જનો પ્રત્યે શાઠ્ય નીતિ અપનાવી. સજ્જનો અને સાધુ પુરૂષો પ્રત્યે પ્રેમ અને સદ્‌ભાવ રાખવો. રાજા કે નેતા અથવા રાજ અધિકારી સાથે નીતિ સમજીને નીતિપૂર્વક રાખવો. વિદ્વાનો પ્રત્યે ઋજુતા કે નમ્રતા ને સન્માન ભાવ રાખવો. શત્રુ પ્રત્યે પરાક્રમ ભાવથી વર્તવું. ગુરૂજનો પ્રત્યે ક્ષમા ભાવ ધારીને જ વ્યવહાર કરવો. સ્ત્રી વર્ગ સાથે સમજણપૂર્વક વર્તવું. સમાજજનોને પોતાના જ્ઞાતિજનો સંગે હેત, પ્રેમ અને દયા કરૂણાનો ભાવ ધરાવવો.

રાજા ભર્તૃહરિ જે લોકમાનસમાં રાજા ભરથરી તરીકે ખ્યાત છે. જે ઉજ્જૈનના રાજા હતા. અને વિક્રમાદિત્યનું બિરૂદ્ધ હાંસલ કરનારા ચંદ્રગુપ્ત દ્વિતીયના જ્યેષ્ઠ બંધુ હતા અને વૈરાગ્યના ભાવ ધરાવી વૈભવને સત્તાનો ક્ષણભરમાં ત્યાગ કરી વૈરાગી તપસ્વી થઈ ગયા. તેમણે નીતિ શતક, શૃંગાર શતક, વૈરાગ્ય શતક અને વિજ્ઞાન શતકની રચના કરી છે. એક શતકમાં ૧૦૦ શ્લોક હોય. આ શ્લોકમાં માનવજાત માટે ડહાપણ અને અદ્‌ભૂત જ્ઞાન, સમજણ ભરેલી છે. જે સંસ્કૃત ભાષા છંદોમાં રચાયેલ છે.

સ્વજનો સાથે દાક્ષિણ્ય રાખવું. જે સ્ત્રી દાક્ષિણ્ય શબ્દની યાદ કરાવે છે. દાક્ષિણ્ય એટલે સભ્યતા, વિવેક, નમ્રતા કે આદર ભાવ ઉદારભાવ. દરેક વ્યક્તિની ઉંમર અને તેના જ્ઞાનને સમજીને તેના આધારે યોગ્ય વહેવાર કરવો. પરિવારના બાળકો એના વડીલો પ્રત્યે કેવો વર્તાવ કરે છે તેના પરથી પરિવારની સંસ્કારશીલતાનો ખ્યાલ આવે છે.

આમ કોની સાથે કેવી રીતે વર્તવુ એ પૌરાણિક હિંદુ સંસ્કૃતિના ગ્રંથોમાં અંકિત નીતિશાસ્ત્રમાંથી સરળતાથી, સહજતાથી અને સહેલાઈથી શીખવા મળે છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# હિતેશ મોતાની પહેલથી જિનશાસનના વિભિન્ન પ્રશ્નો રાજ્યપાલની માધ્યમથી કેન્દ્ર સરકાર સુધી પહોંચાડ્યા



અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ મોતા, શ્રીમતી નિશાબેન મોતા, નંદપ્રભા પરિવારના પરેશભાઈ શેઠ તથા જૈન સમાજ અગ્રણી રવિન્દ્રભાઈ સંઘવીને મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ ભગતસિંહ કોશિયારીએ તા. ૯ જૂન ગુરૂવારના સવારે ૮.૩૦ કલાકે તેમના સતાવાર નિવાસસ્થાન રાજભવનમાં મુલાકાત માટે અને નવકારશી માટે આમંત્રિત કર્યા હતા.



આ મુલાકાત દરમ્યાન જૈન સંપ્રદાયના વિભિન્ન ગંભીર પ્રશ્નો ઉત્તર સવિસ્તર ચર્ચા વિચારણા કરી. જૈન સંપ્રદાય દ્વારા જ્યારે જ્યારે પોતાની મુશ્કેલીઓ માનનીય રાજ્યપાલ સમક્ષ મૂકી છે. જેનો તેઓ તરત જ પોતાનો સકારાત્મક નિર્ણય આપીને સમગ્ર જૈન સંપ્રદાયનો આત્મવિશ્વાસ વધાર્યો છે.

અધ્યાત્મ પરિવાર દ્વારા સાત ક્ષેત્રની સુરક્ષા કાર્યના કાર્ય થઈ રહ્યા છે. તેની સવિસ્તારપૂર્વક જાણકારી રાજ્યપાલશ્રીને આપી હતી. અને કલ્યાણક ભૂમિના જીર્ણોધ્ધારની સમસ્યાઓને વિષે સરકારનો સહયોગ મળે એવી માંગણી કરી હતી.

નંદપ્રભા પરિવાર દ્વારા પાલિતાણા ગુજરાત તથા ઝારખંડ રાજ્યમાં નવનિર્મિત ઋજુ વાલિકા તીર્થનું નિર્માણ જઈ રહ્યું છે. જેનું વિસ્તારથી માહિતી માનનીય રાજ્યપાલશ્રીને અપાઈ હતી. સાથો સાથ ત્યાં બર્ડ સેન્ચુરી-પક્ષી અભ્યારણ્ય, ગૌશાળા, બ્લાઈન્ડજનોને અપાતી મદદ તથા ત્યાંની સ્થાનિક પ્રજાને રોજગારી માટે કામ અપાયા છે તેની જાણકારી આપી હતી. પાવાપુરી, ક્ષત્રિય કુંડ તથા સમેતશિખરજી તીર્થના વિકાસ કાર્યો માટે સરકારનો સહયોગ મળે એવી માંગ કરી હતી.

રાજ્યપાલ મહોદય શ્રી ભગતસિંહ કોશિયારીજી એ ધૈર્યપૂર્વક રજૂઆત સાંભળી સકારાત્મક પ્રતિક્રિયા આપી દરેક મુદ્દાઓ સરકાર સમક્ષ રાખી તે પ્રત્યે બનતી જલદીએ સહયોગ મળશે એવી હૈયાધારણા આપી હતી.

મુલાકાતને અંતે અધ્યાત્મ પરિવાર અને નંદપ્રભા પરિવારએ રાજ્યપાલનું અભિવાદન કરી બહુમૂલ્ય સમય ફાળવી જિનશાસનના પ્રશ્નો સાંભળવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની

# સંજીવની યોજના જ્ઞાતિજનો માટે આશીર્વાદ રૂપ

ભારતમાં આરોગ્યની જાળવણી અને સંભાળ બહુધા લોકો માટે તેમજ આર્થિક નબળી પરિસ્થિતિના લોકો માટે તે લગભગ પહોંચ બહાર છે. ખાસ કરીને હોસ્પિટલમાં સર્જરીને સારવાર માટે યોગ્ય ઈલાજ મળે એવી ભાવના ધરાવવી.

ઘણા પરિવારો માટે ઓચિંતા આવતી બિમારી તેને નાણાંકીય રીતે માનસિક તેમજ શારીરિક રીતે પણ મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકી દે છે. ચિંતાને કારણે પોતાના વહાલા સ્વજનને સ્વસ્થ કરવા મોટી રકમ વ્યાજથી લઈ પોતાને કરજદાર તરીકે ગણવા મજબૂર બને છે.

આ પરિસ્થિતિનો સામનો કરવા શ્રી સમસ્ત મહાજન એ સંજીવની યોજના જ્ઞાતિનો માટે લાવી છે. જે ક્રાઉડ ફંડિંગ પ્લેટફોર્મ-લોક ફાળા નોંધાવવાનો મંચ છે. જે કટોકટી ભરી તબીબી સારવાર માટે ભંડોળ એકઠું કરે છે. મેડિકલ સમિતિ પાસે આવતી મદદ અરજીનું સામાજિક તેમજ આર્થિક રીતે પરિવારની પરિસ્થિતિનું મુલ્યાંકન કરી એક્ષ્પર્ટ તબીબીની સલાહ, સારવાર જરૂરિયાતને વિગતવાર સમજીને ભંડોળના આધારે જરૂરિયાત ભંડોળનું પૂરું પાડે છે. આ મદદને લીધે દર્દીના પરિવારજનો દર્દીના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિ કરી શકે છે અને આર્થિક નચિંત રહી શકે છે.

એકવાર જરૂરી ભંડોળ મંજૂર થયા એટલે કોઈપણ ચિંતા કર્યા વગર સારી અને સુવિધાવાળી હોસ્પિટલમાં સારવાર લઈ શકે છે. મંજૂર થયેલ સારવાર માટેનો ભંડોળ વ્યક્તિઓ, સંસ્થાઓ અને આશ્રયદાતાઓ આપે છે.

આ યોજના ૧૪ મી એપ્રિલ ૨૦૧૯માં શરૂ કરવામાં આવી પરંતુ પ્રથમ કેસ ફેબ્રુઆરી ૨૦૧૯માં સ્વીકારવામાં આવ્યો હતો. સંજીવની યોજના હેઠળ, ૭૦ અરજીકર્તા દર્દીઓને લગભગ રૂા.૧.૩૫ કરોડની મદદ આજ સુધી અપાઈ.

### સંજીવની યોજનાની વિશેષતાઃ

- **સરળઃ** યોગ્ય દસ્તાવેજ સાથે એક અરજી લખી મેડિકલ સમિતિના મેમ્બરને વોટ્સઅપ નંબર પર મોકલી નોંધણી કરી શકાય છે. રૂબરૂ આવવાની ઝંઝટ નહીં.
- **ઝડપીઃ** અરજી સ્વીકૃતિ સંબંધિત નિર્ણય અથવા જરૂરી ડોક્યુમેન્ટ ટપાલ કે કુરિયર દ્વારા મોકલવા સંબંધિત સૂચના માત્ર ૨૪ કલાકમાં મળે છે.
- **પારદર્શક :** દરેક કેસ માટે દાનની વિગતો કે રિપોર્ટ વિવિધ પ્લેટફોર્મ ઉપર શેર કરાય છે.
- **વાજબી :** સમિતિ નિર્ધારિત કરાયેલ નીતિઓ અને નિયમોનું ચૂસ્તપણે અનુસરણ કરે છે.
- **નિપુણતા :** મેડિકલ સમિતિના સભ્યો મેડિકલ ક્ષેત્રના અનુભવી અને નિષ્ણાત જાણકારો છે જે પ્રત્યેક કેસની વ્યાજબી અને વાસ્તવિકતાનું સંપૂર્ણ પણે મૂલ્યાંકન કરી શકે છે.
- **મજબૂત દાતાઓનું પીઠબળ :** આ યોજનાને આશ્રયદાતાઓ, ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ, સંસ્થાઓ અને મહાજનનોનો મજબૂત સમર્થન ભર્યું પીઠબળ

### દરેક કેસની પ્રક્રિયાઃ

**પગલું ૧ઃ અરજી–એપ્લિકેશન**

- દર્દી/દર્દીના પરિવારના કોઈ સભ્ય તેના પરિવાર પર આવી પડેલ ઈમરજન્સી મેડિકલ જરૂરિયાત માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ જોગ અરજી લખી શકે છે.

**પગલું ૨ઃ પાત્રતા માપદંડ**

- સમગ્ર ભારતભરમાં કેડીઓ જ્ઞાતિજન સભ્યો
- કૌટુંબિક આવક માત્ર રૂ. ૩૫,૦૦૦/- સુધી
- માત્ર હોસ્પિટલમાં દાખલ થવા યોગ્ય કેસો (મલ્ટી-બેડ/ઈકોનોમી કેટેગરી)
- કોઈ પ્રકારનો વીમો ન ધરાવતા હોય એવા જ્ઞાતિજનો.
- પરિવાર/સંબંધીઓ/મિત્રો દ્વારા કોઈ ભંડોળ મદદ ન મળેલ હોય.
- દર્દી તરીકે પ્રથમ વખત અરજીકર્તા (કેન્સર રોગી સિવાય)

## શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની સંજીવની યોજના જ્ઞાતિજનો માટે આશીર્વાદ રૂપ

- આપેલ સમય મર્યાદામાં તમામ જરૂરી દસ્તાવેજો રજૂ કરવા

**અન્ય જરૂરિયાત કલમો**

મહત્તમ જરૂરિયાત પ્રાપ્ત કરવા આ કરવું જરૂરી છે.

- વૈકલ્પિક દવા સારવાર : અકસીરતા સાથે જરૂરી વૈકલ્પિક સારવાર
- જરૂરી રકમના ૨૦% ની મર્યાદા સુધી વીમો ધરાવતા દર્દીઓ (દા.ત. દર્દી પાસે છે માત્ર રૂ. ૨૦ હજાર ફંડની જરૂરિયાતો સામે વીમો ૧ લાખ)
- ક્રાઉડ ફંડિંગ દ્વારા ભંડોળ એકત્ર થાય તે અગાઉ જ હોસ્પિટલને તાત્કાલિક ચુકવણી

**પગલું ૩: દસ્તાવેજો રજૂ કરવા માટેની પ્રાથમિક જરૂરિયાતો**

- કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ નંબર
- નાણાંકીય સહાય માટેની વિગતવાર અરજી
- હોસ્પિટલ ખર્ચનું અંદાજ રકમ વિગતો સાથે અને હોસ્પિટલની બેંક વિગત
- સારવાર કરતા ડોક્ટરની લેખિત બીમારી અને સારવાર માટેની વિગતવાર સલાહ નોંધ
- દર્દી પગારદાર હોય તો છેલ્લા આવકવેરાની રિટર્ન કોપી અથવા લેટેસ્ટ પગાર સ્લિપ, આવકનો પ્રમાણપત્ર, પરિવારની દરેક કમાતી વ્યક્તિઓના છેલ્લા બાર માસના બેંક સ્ટેટમેન્ટ
- સ્થાનિક મહાજન દ્વારા ભલામણ પત્ર
- ઈમર્જન્સીની સ્થિતિમાં ઉપરોક્ત સર્વે દસ્તાવેજો ૪૮ કલાકની અંદર રજૂ કરવા.
- નિર્ધારિત સર્જરી અથવા હોસ્પિટાલાઈઝની પહેલા એક સપ્તાહ અગાઉ ઉપરોક્ત તમામ દસ્તાવેજો રજૂ કરવા
- દર્દીને હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ અરજી પ્રાપ્ત થશે એ સ્વીકારાશે નહીં.

**પગલું ૪: તબીબી કમિટીની ભલામણ**

- તમામ દસ્તાવેજો રજૂઆત પછી ૨૪ કલાકની અંદર ભલામણ અપાશે.
- મેડિકલ કમિટી કેસ સ્ટડી દરમ્યાન વધારાના દસ્તાવેજો મંગાવી પણ શકે છે.
- ૫ લાખથી વધુના કેસો ઉપર કમિટી સેકન્ડ ઓપિનિયન માંગી શકે છે.
- ૨૪ કલાકની અંદર મેડિકલ મદદ આપવાની અથવા સમિતિનો જે નિર્ણય હશે તેની જાણકારી અપાશે.
- અરજદારને મંજૂર રકમ અને ક્રાઉડ ફંડિંગ પ્રક્રિયા વિશે જાણ કરવામાં આવશે.
- અગર અરજી નામંજૂર કરાશે તો એ માટે કોઈ પ્રકારનો ખુલાસો-સ્પષ્ટતા અપાશે નહીં.

**પગલું ૫: ક્રાઉડ ફંડિંગની શરૂઆત**

- કેસ મંજૂરીના ૨૪ કલાકની અંદર ડોનેશન મેળવવા માટેની જાહેરાત બનાવી વિવિધ ક.દ.ઓ ગ્રુપમાં સર્ક્યુલેટ કરાશે.

**પગલું ૬: રકમ ચુકવણી**

- એકવાર ડોનેશન સંપૂર્ણ થઈ જશે એટલે તે કેસ માટે મંજૂરી ભંડોળ હોસ્પિટલને ટ્રાન્સફર કરી આપવામાં આવશે.
- એડમિશન શુલ્ક કુલ્લ ડોનેશનના ૧૦% હશે જે ફી તરીકે રાખી લેવાશે.

**પગલું ૭: રસીદ અને બિલોની રજૂઆત**

- હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળ્યા પછી તમામ મૂળ રસીદો, બધા બિલો, રોકડ મેમો, ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન અને સબમિટ કરેલા દસ્તાવેજો સમેત ખરીદેલી દવાઓના બીલો વોટ્સઅપ પર અસલ સ્વરૂપે દિવસ ૨માં સમસ્ત મહાજન કાર્યાલયમાં સબમિટ કરવાના રહેશે.


**નિશીથ એ દંડ**
સેક્રેટરી જનરલ,
શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન

**કુ. મનીષા ચેતન શાહ (પોલડીયા)**
ચેરમેન મેડિકલ કમિટી અને ટ્રસ્ટી
શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજન
+૯૧-૯૮૬૯૫૭૬૫૨૭

**ડો.ધારિની આશિક નાગડા**
વાઈસ ચેરમેન મેડિકલ કમિટી
+૯૧-૯૮૧૯૭૨૨૩૦૦

# Shree Samast KDO Jain Mahajan - 'Sanjivani' …Blessing for KDOs

The cost of health care in India is a deterrent for many, and for those hailing from economically weak backgrounds, it is almost beyond reach, especially if the treatment requires hospitalisation, surgery or expensive treatments.

For many families, a medical emergency can drain their financial, mental and physical strengths, leaving them helpless and downhearted. Often, families push themselves into debt by borrowing money.

To address these challenges, Shree Samast KDO Jain Mahajan came up with Sanjivani Scheme for under privileged KDO community members. It is a crowd funding platform to raise funds for emergency medical treatments. After due scrutiny and a socio-economic assessment of the family, the trust disburses funds based on the funds sanctioned.

The family of the patient can focus on their patient's health and are at ease because they can take treatment in any standard hospital without worrying for payment once sanctioned.

It runs completely on donations from Patrons, Sanstha & Individuals.

Though, it was formally launched on 14th April 2019, but the first case was accepted in Feb 2019. Under Sanjivani scheme, 71 patients are supported and funds are raised to the tune of 1.35 Crores, till date.

## Features:

- **Easy:** The applications along with supporting documents can be submitted through WhatsApp number of Medical Committee Member.
- **Fast:** Decision regarding acceptance, or otherwise, intimated within 24 Hrs post submission of all required documents
- **Transparent:** The Donation details / Reports are being shared for each case on various platforms.
- **Fair:** Committee follows laid down standard policies & protocols.
- **Expertise:** Committee members include Health Care Industry Experts which thoroughly examine the genuineness of the case.
- **Strong Donor Support:** Supported by Patrons, KDO Sansthas, Mahajans & Individuals.

## Process:

**Step 1: Application**

- Patient / Patient's family member can write an application for financial support for his/her/family member's medical emergency.

**Step 2: Eligibility Criteria**

- KDO members across India
- Family Income only below Rs.35,000/- (Rupees Thirty Five Thousand only)
- Hospitalisation cases only (Multi-bed / Economy category)
- No Insured patients allowed.
- No direct collection of funds by family/ relatives/ friends from any other sources
- First Time Applicant as a patient (Except Cancer Cases)
- Submission of all the required documents within given timeframe

**Deviation Clauses: Current Nature of Deviations**

- To deviate from standard policy for providing maximum support, post necessary validations.
- Alternative medicine: Effective alternative treatments with proven results
- Patients having Insurance to the limit of 20 % of required sum (Example: patient has only Rs. 20,000/- insurance against fund requirements of Rs. 1 lakh)
- Urgent payment to hospital without waiting for fund raising through crowd funding

**Step 3: Prerequisites for submission of Documents**

- KDO Global Card Number
- Application for Financial Support
- Treating Doctor's Certificate (Ailment, treatment advised)
- Hospital Cost Estimate (Break-up of the estimate) & Bank details.
- If salaried - latest Income Tax Return / latest Salary Slip / Income Certificate /Bank statement (last 12 months) of all earning members
- Recommendation Letter by Local Mahajan
- Submission of all above documents within 48 Hrs in case of emergency admission
- Submission of all above documents a week prior for planned surgery /admission
- Please note that, application received after the patient is discharged from the hospital will not be accepted.

**Step 4: Medical Committee Review**

- Post submission of all documents, committee will setup a review within 24 hrs.
- Committee may ask for additional documents at any point during the application processing
- May ask for Medical Second Opinion for cases above 5 Lacs Cost Estimate
- Within 24 Hrs, the committee's decision to award medical grant, or otherwise, will be informed to the applicant
- Applicant will be informed about sanctioned amount and crowdfunding process
- No explanation whatsoever would be given if the application is rejected.

**Step 5: Crowdfunding initiation**

- Case advertise will be created within 24 Hrs of sanction and circulated on various KDO groups for initiating crowdfunding

**Step 6: Payments**

- Once donation collection is complete, payment will be transferred to hospital.
- Admin Charges will be 10% of the donation collection & will be retained as fees.

**Step 7: Receipts & Bill Submission**

- Post discharge, all original deposit receipts, Original Final Bill, cash memos of the medicines purchased along with the Doctor's prescription and documents submitted on WhatsApp to be submitted in Samast Mahajan office within 2 days in original.

**Nishith A Dand**
Secretary-General,
Shri Samast KDO
Jain Mahajan

**Ms. Manisha Chetan Shah (Poladia)**
Medical Committee Chair & Trustee
+91-9869576527

**Dr. Dharini Ashiq Nagda**
Medical Committee
Vice Chair
+91-9819722300

# વિદર્ભ ક્ષેત્રમાં HSCમાં ઉર્વી ધરમશી પ્રથમ





મૂળ કોઠારા હાલે નાગપુરની ૧૨ ધોરણના કોમર્સ સ્ટ્રીમની વિદ્યાર્થીની ઉર્વી પ્રમેન્દ્ર નવિનચંદ્ર ધરમશી બુધવાર, તા.૮ મે રોજે સમગ્ર વિદર્ભના ઉચ્ચ માધ્યમિક બોર્ડના વર્ષ ૨૦૨૧-૨૦૨૨ શૈક્ષણિક વર્ષના રીઝલ્ટ જાહેર થયા.

જેમાં જ્ઞાતિની તેજસ્વી વિદ્યાર્થીની ઉર્વીએ ૯૭.૮૩ ગુણાંક મેળવી સમગ્ર વિદર્ભ ડિવીઝનમાં પ્રથમ ક્રમાંકે આવેલ છે. તેણીએ ૧૨મા ધોરણની પરીક્ષા સેન્ટ પોલમાંથી અભ્યાસ કરતાં આપી હતી. તેણીનું ૧૦મા ધોરણ સુધીનું એજ્યુકેશન નાગપુરમાંથી થયું છે. લોકડાઉનના બે વર્ષ દરમ્યાન ઓનલાઈન ભણવામાં તકલીફ થઈ હતી. સીએ ફાઉન્ડેશનના કોર્સ પણ ઓનલાઈન હોવાથી વધુ મહેનત કરવી પડી હતી પણ ૧૦મા ધોરણ સુધી અભ્યાસમાં તેણી તેજસ્વી હોવાથી છેલ્લાં બે વર્ષ પોતાની મહેનતને લીધે ઉજ્જવળ પરિણામ લાવી શકી છે. આગળની કારકિર્દી તે ચાર્ટડ એકાઉન્ટન્ટનો અભ્યાસ સીએ બનવા માંગે છે.

> ***"My advice to others would be to integrate your hobbies along with studies to utilise your potential fully. Always be yourself and believe in yourself and your potential to achieve your goals.Set clear goals and give your best. Believe you are great and the great things will follow.***
>
> **- Urvi Dharamshi**

યુવા વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસનો નીચોડ આપતાં કહે છે કે રોજનું ભલે બે થી ત્રણ કલાક એકચિતે ભણો પણ ડિસીપ્લીન રાખવું જરૂરી છે. સાથે સાથે તમારા શોખ પણ લિમીટમાં રાખો જેની પાછળ વધુ સમય ન ખર્ચાય.

તેણે પોતાની સફળતા માટેનો શ્રેય પોતાના શિક્ષકોને ત્યારબાદ ઘરમાં અભ્યાસ માટે કાળજી લેનાર સતત પ્રોત્સાહન આપી પીઠબળ પુરું પડનાર મમ્મી-પપ્પા અને બહેન અને ત્રીજા નંબરે છેલ્લે પોતાને આપે છે. તેને લખવાનો પણ શોખ છે. જ્ઞાતિમૈયા વતીથી મનિષા લાલકાએ ઉર્વી સાથે વાત કરી તેની સફળતાની સફર જાણી હતી અને સમગ્ર કદઓ જ્ઞાતિ સમાજવતીથી અભિનંદન આપી ભવિષ્યની કારકિર્દી માટે શુભેચ્છા આપી હતી.

---

# કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સુરત તરફ આગળ વધતો વિહાર ક્રમ



ગુરૂ ગુણ કૃપા પાત્ર કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સિલ્ક સિટી સુરત માટેનો સંભવિત વિહાર ક્રમ નીચે મુજબનો છે. તા.૧૦ જૂન શુક્રવાર ઉમરગામ, તા.૧૧ જૂન શનિવાર ભિલાડ, તા.૧૨ જૂન રવિવાર વાપી, તા.૧૩ તથા ૧૪ જૂન સોમવાર, મંગળવાર આદેશ્વર દેરાસર ઉદવાડા, શિવ શક્તિ કોમ્પલેક્ષ. સંપર્ક : ૯૩૨૩૯૮૦૪૪૦. તા.૧૪ જૂન મંગળવાર સાંજે રત્નાકર ધામ તા.૧૫ અને ૧૬ જૂન બુધવાર, ગુરૂવાર વલસાડ, તા.૧૭ જૂન શુક્રવાર બિલીમોરા, સાંજે ગણ દેવી, તા.૧૮ જૂન શનિવાર સાલેજ, તા.૧૯ જૂન રવિવારથી તા.૨૧ જૂન મંગળવાર નવસારી.

તા.૧ જૂલાઈના ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થશે. હાલ આ પ્રમાણે વિહારની સંભાવના શક્યતા છે. સંજોગ અનુસાર ફેરફાર થશે તો જાણ કરવામાં આવશે.

# તેરા તીર્થે ચાતુર્માસ સહ પર્વાધિરાજ પર્યુષણ પર્વની મંગલ આરાધના

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન તેરા એ કુવાપધ્ધર લાખણીયા તથા ધુફી ગામના જ્ઞાતિજનો તથા ચારેય ગામની નિયાણી બહેનો તેમજ સર્વે જ્ઞાતિ જોગ આમંત્રણ આપ્યું છે કે તા.૧ જુલાઈ શુક્રવારના સવારના ૮ કલાકે સંઘમાં અચલગચ્છાધિપતિ મ.સા.ના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રથમ શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા. ઠાણા-૧નું ચાતુર્માસ મંગલ પ્રવેશ થશે.

પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવત ૨૦૭૮ના શ્રાવણ વદ ૧૩ બુધવાર, તા.૨૪ ઓગસ્ટથી પ્રારંભ થશે. ચાતુર્માસ તથા મહામંગલકારી પર્યુષણ પર્વની આરાધના કરવા માટે સહકુટુંબ તેરા પધારવાનું સ્નેહભર્યું નિમંત્રણ છે.

ચાતુર્માસ સહ પર્યુષણ પર્વ દરમ્યાન નીચે આપેલ વિગતે યોજનાઓ તથા તેના નકરાની વિગતો સામેલ છે. જે કોઈ દાતાશ્રીને જે જે યોજનામાં લાભ લેવાની ભાવના હોય તેઓએ તેરા પેઢીએ જાણ કરવા વિનંતી. વહેલા તે પહેલાના ધોરણે લાભ આપવામાં આવશે અને એક વર્ષ પૂરતુ બોર્ડ ઉપર લાભ લેનારનું નામ લખવામાં આવશે. સંપર્ક ગિરીશભાઈ-૯૪૨૬૬૫૨૩૨

૧) ચાતુર્માસ નિભાવ ફંડ : પ.પૂ.મ.સા.ના ચાતુર્માસ પ્રવેશથી કરીને પ.પૂ.મ.સા.ના ચાતુર્માસ પરિવર્તન સુધી થનાર ચાતુર્માસ ખર્ચને પહોંચી વળવા માટે ચાતુર્માસ ફંડ મુખ્ય સંઘપતિ નકરો રૂા.૨૧ હજાર, સહાયક સંઘપતિ નકરો રૂા.૧૧ હજાર.

૨) સાધર્મિક ભક્તિ : પર્વાધિરાજ પર્યુષણ દરમ્યાન તા.૨૪ ઓગસ્ટથી તા.૧ સપ્ટેમ્બર સુધી સાધર્મિક ભક્તિનો નકરો સવારની નવકારશી રૂા.૬ હજાર બપોરની સાધર્મિક ભક્તિ રૂા.૧૧ હજાર, બપોરની ચા/સાંજની સાધર્મિક ભક્તિ રૂા.૭ હજાર (ભાદરવા સુદ ૫ના 31 ઓગસ્ટ સાંજના જમણ બંધ રહેશે)

૩) દેરાસરજીમાં રોજ બરોજ ઉપયોગમાં લેવાતી વસ્તુઓનો માસિક નકરો : સંવત ૨૦૭૯ના આખા વર્ષ કારતક સુદ ૧ થી આસો વદ અમાસ સુધીનો માસિક નકરો ઘૃત (અખંડ દીપક) એક માસ નકરો રૂા.૭ હજાર, સુખડ એક માસનો નકરો રૂા.૩ હજાર, નમણ એક માસનો નકરો રૂા.૨ હજાર, ધૂપ એક માસનો નકરો રૂા.૧ હજાર પાંચસો.

૪) દર માસે પૂનમની ઉજવણી : દર માસે પૂનમ તિથિની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. જેમાં સવાર સામૂહિક સ્નાત્રપૂજા, જીરાવલ્લા/શ્રી સામળીયાના અખંડ ધારાએ અભિષેક સાથે જાપ. બપોરે સમૂહ સામાયિક સાંજે પ્રતિક્રમણ અને બપોરના શ્રી સંઘને સાધર્મિક ભક્તિ જેનો નકરો રૂા.૭ હજાર.

૫) આયંબિલ ફંડ : વર્ષ દરમ્યાન થતા આયંબિલના સાધર્મિક ભક્તિ કરાવવા માટેનો વાર્ષિક નકરો રૂા.૧ હજાર.

૬) છાસ કેંદ્ર : વર્ષ દરમ્યાન એપ્રિલ, મે, જૂન તથા જુલાઈ દરમ્યાન ચાર મહિના સુધી સ્થાનિકે ખૂલ્લાં ઘરો તેમના તેમની ત્રણે સંસ્થાના સ્ટાફને ચાર માસ સુધી છાસ વિતરણ થાય છે. જેનો ચાર માસિક નકરાનો લાભ રૂા. ૧ હજાર.

૭) શ્રી શામળીયા પાર્શ્વપ્રભુ જિનાલય દ્વિશતાબ્દી મહોત્સવ ફંડ : શ્રી શામળીયા પાર્શ્વપ્રભુ જિનાલય દ્વિશતાબ્દિ મહોત્સવ પ્રસંગે મહોત્સવના ખર્ચને પહોંચી વળવા માટે લાખેણા દાતા રૂા.૧ લાખ તેમજ દેરાસરજીના સાધારણ ખાતાને મજબૂત કરવા માટે શ્રી શામળીયા પાર્શ્વપ્રભુ જિનાલય દ્વિશતાબ્દી મહોત્સવ કાયમી સાધારણ ફંડ રૂા.૧ લાખ ૧૧ હજાર એકસો અગ્યારની સ્કીમ અમલમાં છે.

૮) ભોજન શાળા હોલ ફોટા સ્કીમ : ભોજન શાળા હોલમાં ફોટા સ્કીમ ફોટો ૧નો નકરો રૂા.૨૫૦૦૦/-.

૯) આયંબિલ શાળા ફોટો સ્કીમ : આયંબિલ શાળામાં ફોટા સ્કીમ ફોટો ૧નો નકરો રૂા.૧૫૦૦૦/-.

૧૦) શ્રી રમેશભાઈ નારાણજી દંડ સાધર્મિક ભક્તિ સહાયતા ફંડ : આ ફંડમાંથી તેરા, કુવાપધ્ધર, લાખણિયા, ધૂફી પરિવારજનો માટે જરૂરિયાત મુજબ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ નકરો નથી પણ પોતાની યથાશક્તિ મુજબ જે કાંઈ અનુદાન આ ફંડમાં નોંધાવી શકે છે.

૧૧) પ્રભુજી આંગી : પર્યુષણ પર્વ દરમ્યાન બન્ને મૂળનાયક શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન તથા મૂળ નાયક શ્રી શામળીયા પાર્શ્વનાથની અંગરચના બંન્ને ભગવાનનો એક દિવસનો નકરો રૂા.૨ હજાર.

૧૨) પર્યુષણ પર્વ બાદ ચૈત્ય પરિપાટી : ભાદરવા સુદ ૭ના ચૈત્ય પરિપાટીનો રૂટ તે સમયે નક્કી થશે. સંઘપતિ બનવાનો નકરો રૂા.૫૧૦૦/- પર્યુષણ બાદ આપની રીટર્ન ટિકીટ તે પ્રમાણે કઢાવશોજી.

૧૩) પ્રભાવના : ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન વ્યાખ્યાન વાંચન થશે. વ્યાખ્યાન દરમ્યાન શ્રી સંઘ તરફથી પ્રભાવના કરવામાં આવશે. જેની એક આની રૂા.૩૦૦/-. આમાં જેમને જેટલી આની નોંધાવી હોય તેટલી આની નોંધાવી શકે છે.

વિશેષ ખબર : આ વર્ષે આયંબિલ ઓળી ઉત્સાહભેર ઉજવવામાં આવશે. સૌને આગોતરો આમંત્રણ તા.૧ ઓક્ટોબરથી તા.૯ ઓક્ટોબર.

આગામી જિનાલય વર્ષગાંઠ શ્રી શામળીયા પાર્શ્વ પ્રભુ જિનાલયની ૨૦૨મી અને શ્રી જીરાવલ્લા પાર્શ્વ પ્રભુ જિનાલયની ૧૬૫મી વર્ષગાંઠ મહાસુદ ૫, તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૩ના શુભ દિને છે.

# કોઈમ્બતુર સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ૭મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો





દક્ષિણ ભારતના કોઈમ્બતુર નગર સંઘના શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયનો ૭મો ધ્વજા મહોત્સવ રંગભાવ, ધર્મ ધ્યાન અને ભક્તિભાવ સાથે ઉજવાયો. આ અવસરે વિવિધ ધર્મ આરાધનાઓ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેરના સહભાગ સાથથી સંપન્ન થઈ.




# ચેરમેન નવીનભાઈ હીરજી દંડના વહીવટ હેઠળની ધી વેરાવળ કો.ઓ.બેંકને ઉત્કૃષ્ટ કામગીરી બદલ એવોર્ડ એનાયત કરાયો



ભારતભરની ૧૫૮૪ અર્બન કો-ઓપરેટિવ બેંકો પૈકી રૂા.૬૦૦ થી ૭૦૦ કરોડની ડિપોઝીટ કેટગરીમાં વેરાવળ-ગુજરાતની ધી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટિવ બેંકને લોનાવાલા મુકામે દેશના અગ્રણી બેંકીંગ મેગેઝિન 'બેંકો' દ્વારા વર્ષ ૨૦૨૧માં રાષ્ટ્રીય કક્ષાએ સદર બેંકએ દર્શાવેલી ઉત્કૃષ્ટ કામગિરી બદલ બેંકના ભૂતપૂર્વ ચીફ જનરલ મેનેજર શ્રી ડી.સી.કાલે દ્વારા બેંકો બ્લૂ રિબન એવોર્ડ ફર્સ્ટ પ્રાઈઝની નવાજવામાં આવેલ.

આ બેંકના વર્ષોથી ચેરમેન જ્ઞાતિના શ્રી નવીનભાઈ હીરજી દંડ, લાલા વેરાવળ છે. તેમના નેતૃત્વ અને કુશળ સંચાલન હેઠળ વેરાવળ મર્કન્ટાઈલ બેંકએ શાનદાર પર્ફોર્મ દાખવ્યું છે. આ ગૌરવ સન્માનમાં નિમિત બનવા બદલે હાર્દિક અભિનંદન.

REG. NO. E 28149 MUMBAI

# શ્રી જીયે પઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ



પૂજ્ય શ્રી પઠાપીર શ્રી મહારાજા ગોપીચંદરાય-ઉ પૂજ્ય શ્રી પઠાપીર મહારાજા યોગીરાજ શ્રી ગોપીચંદરાયના

**ગગન ગરજે, ને મોરલા બોલે, મથે ચમકે વીજ... એ હલો, પાંજે પઠાપીર જી પેડી મેં, આવઈ અષાઢી બીજ**

**પૂજ્ય પઠ્ઠાપીરબાપાને કચ્છ, વાગડ, ગુજરાત, રાજસ્થાન જેવા વિવિધ સ્થળે નમતા, માનતા પરિવારોને તથા તેમની નિયાણી બહેનોને સતત ૧૬ વર્ષથી ધામધૂમથી આયોજાતી સમૂહ પહેડીમાં હાર્દિક આમંત્રણ**

## તા ૧/૭/૨૦૨૨, શુક્રવાર - સારસ્વતવાડી, ઝવેર રોડ, મુલુંડ(વેસ્ટ)

### • કાર્યક્રમની રૂપરેખા •

**શોભાયાત્રા :** સવારે ૮.૦૦ કલાકે ગોકુલ શ્યામ બિલ્ડીંગથી શરૂ થશે - શોભાયાત્રામાં અભિવૃદ્ધિ કરવા સર્વે ભાવિકોને ખાસ આમંત્રણ

**સ્થાપના :** સવારે ૧૦.૦૦ કલાકે (સારસ્વત વાડી મધ્યે)

**પઠાપીર ચાલીસાનો પાઠ :** બપોરે ૨.૦૦ થી ૩.૦૦કલાકે (શ્રી જીયે પઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા)

**ભજન સંધ્યા :** સાંજના ૩.૦૦ થી ૧૦.૦૦ કલાકે (કલાકાર : રેડિયો આર્ટિસ્ટ ભક્તિ આસાની અને સાથી કલાકારો તથા શ્રી શાંતિલાલ મોજાર)

**ધૂપ આરતી :** સાંજના ૭.૦૦ કલાકે • **મહાપ્રસાદ :** સાંજના ૫.૦૦ થી ૧૦.૦૦ કલાકે

### -: દર્શનાભિલાષી :-

| પિયુષ મોજાર | જયંત છેડા | દિપેશ મોમાયા |
|---|---|---|
| 98211 89050 | 93222 57731 | 93230 03032 |

**ચોવિહારની વ્યવસ્થા રાખેલ છે.**

**૧૬ મી સમૂહ પહેડીમાં વિશેષ સહયોગી થવાની ઈચ્છા હોય તો આપ સંપર્ક સાધો - 9821189050**

## શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ, મુંબઈ

૧૨, ગોકુલ શ્યામ બિલ્ડીંગ, ૩જા માળે, દેવીદયાલ રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ-૮૦. Ph.: 9821189050

Website : www.jiyepathapir.com • E-mail : info@jiyepathapir.com

HOME CABLE
LIVE ON
Channel No.114

**વેલેટ પાર્કિંગની સુવિધા રાખેલ છે.**

# શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા ડિસેમ્બર ૨૦૨૨ના કચ્છમાં સમૂહ લગ્ન

શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમૂહ લગ્ન મહોત્સવ ૨૦૨૨નું આયોજન કચ્છમાં જ કોઈ સુંદર જગ્યાએ તા.૧૦ ડિસેમ્બર શનિવાર તથા તા.૧૧ ડિસેમ્બર રવિવારના યોજવાનું નક્કી કરેલ છે. સદર સમૂહ લગ્ન બે દિવસનો હશે.

સમૂહ લગ્ન માટેના જરૂરી ફોર્મ ભરવાનું શરૂ થઈ ગયેલ છે. ઈચ્છુક પરિવારે ફોર્મ લેવા નીચે લખેલ કાર્યકારી સાહેબનો સંપર્ક કરવો : પ્રબોધભાઈ મુનવર,ભુજ-૯૯૨૫૧૬૯૮૭૬, અરવિંદભાઈ લોડાયા, ગાંધીધામ-૯૮૨૫૬૩૪૬૪૯, કિરણભાઈ દંડ, મુંબઈ-૯૮૩૩૮૦૮૨૪૪, વીરચંદભાઈ ખોના, વાશી-૯૮૭૦૯૮૯૦૦૫, વીરેન્દ્રભાઈ લોડાયા, મુંબઈ-૯૮૨૧૦૭૩૮૩૦, ચંદ્રેશભાઈ  છેડા, રાયપુર-૯૪૨૫૨૧૩૫૪૦, ચંદ્રેશભાઇ લોડાયા, અમદાવાદ-૯૮૨૪૦૧૪૯૪૭, લહેરચંદભાઈ લોડાયા, હૈદરાબાદ-૯૨૪૬૫૩૧૦૬૬, લક્ષ્મીચંદભાઈ દંડ, ખંડવા-૯૯૭૭૫૫૦૧૧૦, ચેતનભાઈ લોડાયા, કોચીન-૯૯૧૩૨૦૦૯૬૫, કુસુમભાઈ લાલકા, ડોમ્બિવલી-૯૩૨૩૯૬૧૬૧૭.

---

# ધ્યાનયોગી ગણિવર્ય મ.સા. અને ધ્યાન સાધક મુનિશ્રી મ.સા.નો આગામી અંદાજિત વિહાર રૂટ

તા.૧૦ જૂન શુક્રવારથી તા.૧૨ જૂન રવિવાર નવજીવન ગ્રાન્ટ રોડ, તા.૧૩ જૂન સોમવાર તથા તા.૧૪ જૂન મંગળવાર તાડદેવ-મુંબઈ સેન્ટ્રલ, તા.૧૫ જૂન બુધવાર મહાલક્ષ્મી તિરૂપતિ એપાર્ટમેન્ટ. આ મુજબનો ધ્યાન યોગી પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. ધ્યાન સાધક પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો ઉપર મુજબ પ્રમાણેનો અંદાજિત વિહાર ક્રમ રૂટ છે.

---


ખાસો તોજ સ્વાદ જાણશો

પ૦થી વધુ વેરાયટીઓની સેન્ડવીચ માણો ગ્રીલ નેશન - મુલુંડમાં...

ટોસ્ટ અને ગ્રીલ સેન્ડવીચની ૫૦ થી વધુ વેરાયટી,
જૈન સેન્ડવીચમાં પણ અનેક વેરાયટીઓ....

હવે ઘર બેઠા મેળવો ટેસ્ટી નમકીન ઘર જેવો જ ટેસ્ટ

નાની પાર્ટી ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે
Swiggy / Geine થી ડિલીવરી મળશે.

ગ્રીલ નેશન, શોપ નં. ૯, સાંઈ મધુવન,
મની'સ કેફેની બાજુમાં, એસ.એલ.રોડ, મુલુંડ (વે).

Menu on Whatsapp 7678038355 - Vijay Karani (Dumra)
Mahesh Maru - 9653381635 • Kirit Dagha - 9870483948



# અબડાસા પંથકમાં તપસ્વી રત્ન આચાર્ય મહારાજ સાહેબનો પ્રવેશ





અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. તા.૮ મે બુધવારે સવારે શ્રી તેરા તીર્થે પધારીને શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ શ્રી શામળીયા પાર્શ્વનાથને જુહારીને બપોરે જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશી નાથાની જન્મભૂમિ અબડાસાના મુખ્ય મથક નલિયા તીર્થે સાહેબજીનું ભવ્ય સામૈયું થયું પૂજ્ય સાહેબએ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને જુહાર્યા.



# ચૈતન્યપુરી-હૈદ્રાબાદ સંઘમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ ૧ જુલાઈના નિર્ધારિત





શ્રી અચલગચ્છ જૈન સંઘ ચૈતન્ય પુરી, નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિ નગર, હૈદ્રાબાદ, મો.નં.-૯૮૪૯૯૨૯૬૦૦, ૮૬૮૮૭૮૮૧૯૯માં ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ત્રીજ તા.૧ જુલાઈ શુક્રવારના નિર્ધારીત થયેલ છે. આ વર્ષનું ચાતુર્માસ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશીર્વાદ આજ્ઞાથી પૂજ્ય સાહેબના આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા સરલ સ્વભાવી પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩નું શ્રી ચૈતન્યપુરી જૈન સંઘના આંગણે નિર્ધારિત થયેલ છે.

તા.૧ જુલાઈ શુક્રવારના સવારે ૮ કલાકે શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ નરશી મોમાયા વારાપધ્ધરના નિવાસ સ્થાનેથી થશે. આમાં સૌને પધારવા સંઘ દ્વારા આમંત્રણ છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, ગુજરાતમાં વસતા ગુરૂ ભક્ત તેમજ પરિવારજનો એ આ પ્રસંગમાં શોભા વધારવા આપની પધરામણી થાય તે માટે આપ કેટલી સંખ્યામાં પધારશો તેની જાણ સંઘમાં કરવા વિનંતી જેથી સુગમપણે વ્યવસ્થા કરવામાં સરળતા રહે.

ચાતુર્માસ સંઘપતિના મુખ્ય લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી છેડા, પ્રેમલક્ષ્મી પરિવાર-મોટા લાયજા, વિનીત શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ નરશી મોમાયા વારાપધ્ધર.

# ઐતિહાસિક જખૌ તીર્થે જિનાલયનો ૧૭૫મો ધ્વજારોહણ મહોત્સવ સાથે નૂતન ભોજનાલયનું શિલાન્યાસ કરાયું





કચ્છ પ્રદેશના અબડાસા પંથકના બંદરીય નગર ઐતિહાસિક જખૌ તીર્થે જિનાલય ૧૭૪મી વર્ષગાંઠ પ્રસંગે અઢાર અભિષેક અને ૧૭૫મી ધ્વજારોહણ નો ઉત્સવ ઉજવાયો.

સાથો સાથ નૂતન ભોજનાલયનું શિલાન્યાસ વિધિ અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સથવારે અદ્‌ભૂત ઉત્સાહ ઉમંગ અને આનંદના ભાવ સાથે થયેલ.



# કુ. કૃતિકા મનિષ લોડાયાની વર્લ્ડ ઓફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં ઓલ રાઉન્ડ પ્રતિભાવંત તરીકેની સિધ્ધિ પ્રાપ્ત કરી

કુ. કૃતિકા મનિષ લોડાયા દેશની પ્રસિધ્ધ શિક્ષણ સંસ્થાન વેલ્લુર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા intelligent student તરીકે વર્લ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં ઓલ રાઉન્ડ સક્સેસ પ્રાપ્ત કરવા બદલ અને સોશિયલ મીડિયામાં સમગ્ર વિશ્વમાં પ્રતિભાવતં પર્ફોમન્સ માટે પસંદગી કર્યા બદલ ગૌરવમાન આપ્યું છે.




# શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા પર્યુષણ મહાપર્વ આરાધનાકારોની જરૂરિયાત વિષેના ફોર્મ બાબતે

શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા દરેક સંઘ જોગ સૂચના અપાઈ છે કે જે સંઘને ચાલુ વર્ષે પર્યુષણ મહાપર્વ આરાધનાકારોની જરૂર હોય તેઓએ ફોર્મ ભરીને વિગત સાથે પૂરા ભરીને વિદ્યાપીઠ કાર્યાલયના સરનામે વહેલાસર મોકલી આપવા. કાર્યાલય ફોન નં : ૦૨૨-૨૩૭૭૮૭૩૯

# તપસ્વી રત્ન મ.સા.ની જન્મભૂમિ જખૌ તીર્થે સાહેબજીની પધરામણી થઈ





અજોડ શાસન પ્રભાવક ૨૨મા વર્ષીતપના તપસ્વી રત્ન, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની જન્મ ભોમકા જખૌ તીર્થે જિનાલયનો ૧૭૪મો ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે સાહેબજીનું ભવ્યાતિ ભવ્ય સામૈયું કરાયું. જખૌ નગરની અઢારે અઢાર વર્ણ આલમ સમ્મિલિત થઈને ગુરૂપૂજનનો લાભ કારૂભા જાડેજા પરિવાર અને કામળીનો લાભ કિશોરભાઈ જોષી પરિવારે લીધો બન્ને ચડાવાની બોલી ઊંચી થઈ.

જખૌ મહાજને સાહેબજીને જખૌ રત્ન બિરૂદ્ધથી વિભૂષિત કર્યા.







# સંસારિક અને વ્યવસાયિક જવાબદારીઓ વચ્ચે અનુસ્નાતક પરિક્ષામાં ઉત્તિર્ણ થઈ અપેક્ષા અનુજ મોમાયા



માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયા પરિવારની પુત્રવધૂ અ.સૌ.અપેક્ષા અનુજ ધનેશ મોમાયા પારિવારિક અને વ્યવસાયિક જવાબદારી દક્ષતા અને ખંતથી નિભાવતા વચ્ચે Actuary India ની કઠિન અનુસ્નાતક પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીણ કરી છે.

આ અગાઉ સી.એ.ની પરીક્ષામાં રેન્ક હોલ્ડર રહ્યાં છે. તેમણે C.A. Institute ના Post Qualification Certification DISHA (Information System Audit), FAFD (Forensic Accounting & Fraud-Detection) IFRSC (International Accounting Standards) મેળવ્યા છે. તદ્ઉપરાંત તેઓ CFE Certified Fraud Examiner, USA નું Qualification પણ ધરાવે છે. હાલમાં તેઓ સ્ટાર યુનિયન દાઈ-ચી લાઈફ ઈન્સ્યુરન્સ કુંના Actuary Department માં કાર્યરત છે. મેળવેલ સિધ્ધિ માટે હાર્દિક અભિનંદન.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● સુરક્ષાના હેતુસર મહત્વના અને કચ્છના છેવાડાના સરહદી વિસ્તારના ઉદ્યોગોના વિકાસ અને ગતિ પ્રદાન કરે તેવા ભુજ નલિયા ગેજ રૂપાંતરણમાં કાર્યમાં ઝડપી લાવવા તેમજ તેને વાયોર સુધી લંબાવવાની કેન્દ્રીય રેલવે મંત્રાલય સમક્ષ ગાંધીધામ ચેમ્બર ઓફ કોલેજ માંગણી કરી છે.

● બિદડા સર્વોદય ટ્રસ્ટ વર્ષોથી જૈન અને દરેક ગચ્છના સાધુ સાધ્વીજી તેમજ સર્વે ધર્મના ગુરૂઓ અને સંતોની સારવાર અને તેમના વૈયાવચ્છની જવાબદારીનું નિર્વાણ પૂરી નિષ્ઠાથી કરી રહ્યું છે. ટ્રસ્ટ પોતાની જવાબદારી અને સાધુ સાધ્વીજીના આશિર્વાદનું ઋણ ચૂકવવા માટે આ સેવાકાર્ય અવિરત ચાલુ રાખશે. અહીં દર વર્ષે ૫૦૦ થી વધુ સાધુ સાધ્વીજીની સારવાર અને વૈયાવચ્છ કરવામાં આવે છે. તેમને કોઈ પણ જાતની તકલીફ પડે નહીં માટે સંસ્થામાં વૈયાવચ્છ માટે ૨ ઉપાશ્રયોની સુવિધા છે.

● ભુજ જતી આવતી તમામ ટ્રેનોને અંજાર, આદિપુર થઈ તેના ગંતવ્ય સ્થાને રવાના કરવા અંજાર કોમર્સ એન્ડ ડેવલોપમેન્ટ કાઉન્સિલ માંગ કરી છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સમક્ષ રજૂઆત કરતાં રેલવે તંત્ર દ્વારા છ જોડી ટ્રેનોને વડોદરાને બદલે છાયાપુરી સ્ટેશન ચલાવવા નિર્ણય લેવાયો છે. આ જ પ્રકાર ભુજ જતી આવતી ટ્રેનોને અંજાર અને આદિપુરથી ચલાવવી જોઈએ. આદિપુરએ ગાંધીધામનો જ ભાગ છે. હાલે ગાંધીધામ સ્ટેશને એન્જિનની દિશા બદલાવામાં સમયનો વ્યય થાય છે. આ રૂટથી ટ્રેન દોડાવવાથી રેલવનું ખર્ચ અને યાત્રિકોનો સમયનો વ્યય થતો અટકશે.

● મુલુંડની સેવાભાવી સંસ્થા બહેના પશુ પક્ષીઓ માટે બળબળતા ઉનાળાના તાપમાં પાણીની સુવિધા અર્થે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરે છે. જે પ્રવૃત્તિ આખું વરસ ચાલુ રહે છે. વરસ દરમ્યાન ૧૮ હજાર જેટલા કુંડાઓનું વિતરણ કરાય છે. મુંબઈમાં બહેનાના ૧૨૫ જેટલા સેન્ટર છે તે સિવાય પુના, અમદાવાદ, લોનાવાલા વિગેરે શહેરોમાં કુંડાઓ રાખયા છે. જે સેન્ટર પરથી માંગ આવે ત્યાં કુંડાઓનો સ્ટોક મોકલી અપાય છે. કુંડા દિલ્હીથી મંગાવાય છે. જેની ગુણવતા સારી હોય છે. આ કુંડા જમીન પર રાખી શકાય અને ટિંગાડી પણ શકાય છે. આ સેવા કાર્ય છેલ્લાં ૧૫ વર્ષથી થાય છે. બહેનાના બેનર હેઠળ પશુ પક્ષી સારવાર, ચક્ષુદાન, ત્વચાદાન અવયવ દાન, કિડની દાન, લિવર દાન. હૃદય દાન, જળસંચય સહિતની પ્રવૃત્તિઓ થાય છે.

● કચ્છના બે છેડે એટલે કે પૂર્વ અને પશ્ચિમમાં આવેલા છેવાડાના વિસ્તારોમાં સારી શિક્ષણ અને આરોગ્યની સુવિધા વિકસાવવામાં ન આવતા સમજદાર વાલીઓ ના છૂટકે પલાયનનો માર્ગ અપનાવી રહ્યા છે. જેને અટકાવવા ખુદ સરકાર જાગે તો જ સ્થળાંતર અટકી શકે તેમ છે. જો આ સિલસિલો ચાલુ રહ્યો તો દુર્ગમ ગામડા ખાલી થતા રહેશે ને શહેરોમાં ભારણ વધતું જશે. પશ્ચિમ કચ્છના અબડાસા અને લખપત તેમજ પૂર્વના રાપર તાલુકામાંથી છેલ્લાં પાંચ વરસમાં પાંચ હજારથી વધુ પરિવારો પોતાનું મૂળ ગામ છોડી શહેરમાં વસી ગયા છે. આ બંન્ને છેવાડાના ત્રણ તાલુકાની વસતી ઘટતી જાય છે. મોટા ભાગના અધિકારીઓ આ ત્રણ તાલુકામાં સ્થાનિકે રહેવા તૈયાર નથી એટલે અપડાઉનની પ્રથા ખૂબ વધી ગઈ છે.

● કચ્છની બે ગ્રામ પંચાયતને શ્રેષ્ઠ કામગીરી બદલ દીનદયાળ ઉપાધ્યાય પંચાયત સશક્તિકરણ પુરસ્કાર ૨૦૨૨ જ્યારે કુનરિયા ગ્રામ પંચાયતને નાનાજી દેશમુખ રાષ્ટ્રીય ગૌરવ ગ્રામ સભા પુરસ્કાર ૨૦૨૦-૨૧ થી સન્માનિત કરાઈ છે. ભીમાસર પંચાયત કચ્છની એક માત્ર પંચાયત છે જેને આઈ એસ ઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફાઈડ ગ્રામ પંચાયત થવાનું ગૌરવ પ્રદાન થયું છે. ગુજરાતની ૨૧૭ ગ્રામ પંચાયતોએ આ વર્ષે આ કેટેગરીમાં એવોર્ડ માટે નામાંકન નોંધાવ્યું હતું. જેમાંથી કુનરિયા ગ્રામ પંચાયતની પસંદગી કરાઈ છે.

# ભાંડુપ સંઘમાં આદિનાથ જિનાલયની ૭૭મી વર્ષગાંઠના અવસરની ઉજવણી ધામધૂમથી સંપન્ન થઈ







તા.૮ જૂન બુધવારના ત્રિહાન્હિકા મહોત્સવના પ્રથમ દિવસે સવારના ૧૦ વાગે આદિનાથ પંચકલ્યાણક પૂજા ભાંડુપ મહિલા મંડળએ ભણાવી. રાત્રે ૯ કલાકેથી ૧૦.૩૦ સુધી મહાકાલિ માતાની ભાવના અનંત મિત્ર મંડળએ ભણાવી.

તા.૯ જૂન ગુરૂવાર સવારે ૯ થી અઢાર અભિષેકની શરૂઆત પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ તથા પ.પૂ.યતિવર્ય મોતિસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં થઈ. સિધ્ધચક્ર પૂજન વિધિકાર નરેન્દ્ર નંદુના સથવારે થયું. સંધ્યાકાળે કુમારપાળ રાજાનો વરઘોડો તથા આરતી અને પ્રોગ્રામ થયા. તૃતીય અને અંતિમ દિવસ તા.૧૦ જૂન શુક્રવારન સવારના ૮.૩૦ કલાકે દાદાના દરબારે નવગ્રહ પૂજા દિશદિગપાળ પૂજન અષ્ટમંગલ પૂજન, સતરભેદી પૂજા સાથે ભવ્ય ઉત્સાહ સાથે ધ્વજારોહણ થયું. લાભ ભાંડુપની નિયાણી બહેનો મળીને લીધેલ. ૫૦૦ જણની હાજરી રહી હતી.

૭૦ જેટલી નિયાણી બહેનો અલગ અલગ નગર, ગામોથી આવી હતી. કોઈ ગોવા, કોઈ સુરતથી આવી સર્વે નિયાણીઓએ ૨૧૦૦૦ મણમાં ધ્વજાનો લાભ સાથે હિરા જડિત દાદાની આંગી કરાવી અને સાથે ૧૫૦૦૦ શ્રી કદઓ જૈન સંઘ ભાંડુપ સાધર્મિક ભક્તિ ખાતામાં લખાવ્યા. સંઘના પ્રમુખ મનોજભાઈ લોડાયા આશિષ વચન આપ્યા. મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ ભેદા, કુમારભાઈ દંડ, વિરેનભાઈ અને ચેતનભાઈ મોતાએ હાજરી આપી હતી.

તા.૧૦ જૂન શુક્રવાર રોજે ભાંડુપ સંઘના આદિનાથ જિનાલયની ૭૭મી વર્ષગાંઠની ઉજવણી પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ અને પ.પૂ.સાધ્વીશ્રી અનંત પૂર્ણશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ની પાવન નિશ્રામાં વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈને થઈ. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉમંગભેર ઉપસ્થિત રહી ધર્મલાભ લીધો હતો.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કાંતા મોમાયા**
તા.૨૬ મે (ઉ.૮૧)
વરાડીયા-ભાંડુપ



**વિરચંદ મોમાયા**
તા.૫ જૂન (ઉ.૭૨)
મોટી સિંધોડી-ભાંડુપ



**પ્રવિણા છેડા**
તા.૬ જૂન (ઉ.૭૯)
નલિયા-હુબલી



**સરલા દંડ**
તા.૮ જૂન (ઉ.૬૦)સેવક
સાંધવ-ડોંબિવલી



**પંકજ દંડ**
તા.૧૧ જૂન (ઉ.૫૬)
લાલા-આદિપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)